શાળાઓમાં હવે 'સુગર બોર્ડ' લગાવાશે, ખાંડના જોખમોની જાણકારી અપાશે

બાળકોમાં ટાઇપ-2 ડાયાબિટીસ સહિત સ્થૂળતાનું જોખમ વધતા મા.-ઉ.મા. શાળાઓમાં જાગૃતિ સેમિનાર કરાશે

સુરતઃ બાળકોમાં ટાઇપ-2 ડાયાબિટીસ સહિત સ્થૂળતા, દાંતની સમસ્યાઓ અને અન્ય મેટાબોલિક વિકૃતિઓનું જોખમ વધતું હોવાના પગલે હવે શાળાઓમાં જ બાળકોને વધુ પડતી ખાંડના સેવનથી થતા નુકસાન અંગે જાગૃત કરવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 'સુગર બોર્ડ' સ્થાપિત કરવા સૂચના આપવામાં આવી છે.

નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઇલ્ડ રાઇટ્સ (NCPCR), નવી દિલ્હીના પત્રના સંદર્ભમાં બોર્ડે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને આ અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું છે.

અગાઉ પણ આ મુદ્દે શાળાઓને કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. હવે ફરીથી તેના અમલ પર ભાર મૂકવામાં આવ્યો છે. શાળા કક્ષાએ યોગ્ય જગ્યાએ લગાવવામાં આવનારા 'સુગર બોર્ડ'માં વિદ્યાર્થીઓને વધુ પડતી ખાંડના સેવનથી થતા સ્વાસ્થ્યના જોખમો અંગે સરળ ભાષામાં માહિતી આપવામાં આવશે. તેમાં દૈનિક કેટલું ખાંડનું સેવન કરવું, સામાન્ય રીતે ખાવામાં આવતા ખાદ્યપદાર્થોમાં કેટલી ખાંડ હોય છે, જંક ફૂડ અને ઠંડાં પીણાંમાં રહેલી ખાંડનું પ્રમાણ, વધુ ખાંડથી થતા સ્વાસ્થ્યના જોખમો તથા આરોગ્યપ્રદ આહારની પસંદગી અંગેની માહિતી દર્શાવવાની રહેશે.

બાળકોમાં જરૂર કરતાં ત્રણ ગણું વધુ ખાંડનું સેવન

બોર્ડની સૂચનામાં જણાવ્યા મુજબ વિવિધ અભ્યાસોના આધારે 4થી 10 વર્ષના બાળકો દૈનિક કેલરીના સેવનમાં સરેરાશ 13 ટકા જેટલી ખાંડ અને 11થી 18 વર્ષના બાળકો આશરે 15 ટકા ખાંડનું સેવન કરે છે. જ્યારે આ પ્રમાણ 5 ટકા જેટલું હોવું જોઈએ. એટલે બાળકોના ખોરાકમાં ખાંડનું પ્રમાણ ભલામણ કરતાં નોંધપાત્ર રીતે વધારે જોવા મળે છે. શાળાઓમાં સરળતાથી ઉપલબ્ધ બનતા ખાંડયુક્ત નાસ્તા, ઠંડાં પીણાં અને પ્રોસેસ્ડ ફૂડના કારણે પણ બાળકોમાં ખાંડનું સેવન વધતું હોવાનું જણાવાયું છે. વધુ પડતી ખાંડ માત્ર ડાયાબિટીસના જોખમને જ નહીં, પરંતુ સ્થૂળતા, દાંતની સમસ્યાઓ અને અન્ય ચયાપચય સંબંધિત સમસ્યાઓને પણ પ્રોત્સાહન આપી શકે છે.

સેમિનાર અને વર્કશોપ યોજાશે

માત્ર 'સુગર બોર્ડ' લગાવવાનું જ નહીં, પરંતુ શાળા કક્ષાએ જાગૃતિ સેમિનાર અને વર્કશોપનું આયોજન કરવા પણ સૂચના આપવામાં આવી છે. આ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને ખાદ્યપદાર્થોની પસંદગી કરતી વખતે તેમાં રહેલી ખાંડ અંગે સાવચેત રહેવા અને આરોગ્યપ્રદ આહાર અપનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવશે. તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને તેમના તાબાની શાળાઓમાં આ સૂચનાઓનું પાલન કરાવવા તેમજ કરવામાં આવેલી કામગીરીનો અહેવાલ પત્રક-Aના નિયત ફોર્મેટમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને મોકલવા જણાવાયું છે.

સારોલી અગ્નિકાંડમાં ૨૪ કરોડના નુકસાન બાદ પણ આરોપી પોલીસ પકડથી દૂર

૧૭ દુકાનો ખાખ કરનાર આરોપી સ્પ્લેન્ડર પર ફરાર પણ સ્માર્ટ સિટીના 'બંધ' કેમેરામાં આવ્યો નહીં

પૂર બાદ બંધ રહેલા ANPR કેમેરાને કારણે પોલીસ અંધારામાં ફાંફા મારતા વેપારીઓમાં રોષ

સુરત : સારોલી વિસ્તારમાં આવેલી શ્યામ સંગિની ટેક્સટાઈલ માર્કેટમાં ગત મંગળવારે મોડી રાત્રે છઠ્ઠા માળે આગ ચાંપી ૧૭ દુકાનો ખાખ કરનાર આરોપીને પકડવામાં સુરત પોલીસના પસીના છૂટી ગયા છે. ઘટનાને એક સપ્તાહથી વધુ સમય વીતી જવા છતાં પોલીસ હજુ અંધારામાં ફાંફા મારી રહી છે. આરોપી ક્રાઈમ સીનથી સ્પ્લેન્ડર બાઈક પર ભાગતો CCTV કેમેરામાં સ્પષ્ટ દેખાયો છે, પરંતુ સ્માર્ટ સિટીના દાવા વચ્ચે વાહનોની નંબર પ્લેટ કેચઅપ કરતા હાઈ-ટેક કેમેરા બંધ હોવાના કારણે પોલીસ બાઈક નંબર મેળવી શકી નથી. મંગળવારે રાત્રે સાડા બારેક વાગ્યાના અરસામાં સંગિની માર્કેટના છઠ્ઠા માળની ૧૭ દુકાનોમાં લાગેલી ભીષણ આગની ઘટનામાં વેપારીઓને આશરે રૂપિયા ૨૪ કરોડનું નુકસાન થયાનો અંદાજ છે. આ માર્કેટ અનિશ્ચિત સમય માટે સીલ કરી દેવાઈ હોવાથી અન્ય ૨૦૦થી વધુ દુકાનદારો, કર્મચારીઓ, ટેમ્પોચાલકો અને હમાલોનો રોજગાર છીનવાઈ ગયો છે. આ સંજોગોમાં માર્કેટ ઝડપથી ખૂલે અને આરોપી ઝડપાય તે માટે વેપારીઓ પોલીસ પર ભારે દબાણ લાવી રહ્યા છે.

સારોલી પોલીસ ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચની ટીમો દિવસ-રાત એક કરી રહી છે. ચહેરા પર સફેદ રૂમાલ બાંધીને સ્પ્લેન્ડર પર ફરાર થયેલા આ શખ્સના બંને રૂટના સીસીટીવી ચેક કરવામાં આવ્યા છે. આરોપી રાત્રે ત્રણ કલાક માર્કેટમાં રોકાયો હતો, તે સમય દરમિયાન વિસ્તારમાં સક્રિય મોબાઈલ ફોનના ડેટા એનાલિસીસ પણ કરાયા છે. જોકે, તમામ વિગતો મળ્યા બાદ પણ આરોપી ગુજરાત છોડી ભાગી છૂટ્યો હોવાનું સામે આવ્યું છે.

શ્રદ્ધા કપૂરના જ્વેલર્સમાં થયેલી ચોરીનો ભેદ પણ ઉકેલાયો નથી

બે મહિના અગાઉ શહેરમાં આવેલા પૂર બાદ સુરત પોલીસની 'ત્રીજી આંખ' ગણાતા મોટાભાગના CCTV કેમેરા ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા. તંત્રની ઘોર બેદરકારીને લીધે ખાસ કરીને ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન (ANPR) કેમેરા બંધ હાલતમાં ધૂળ ખાઈ રહ્યા છે. કેમેરા બંધ હોવાથી પોલીસ માટે વાહનમાલિક સુધી પહોંચવું અશક્ય બન્યું છે. અડાજણ સ્થિત શ્રદ્ધા કપૂરના જ્વેલર્સમાં થયેલી ચોરીનો ભેદ પણ ક્રાઈમ બ્રાન્ચ જેવી સક્ષમ ટીમ ઉકેલી ન શકતા તંત્રની કામગીરી સામે તીવ્ર ટીકાઓ થઈ રહી છે.

અનુસંધાન... પાના પહેલાનું

માનવ નિયંત્રણમાંથી...

વર્તનને માનવીય દ્રષ્ટિકોણથી જોવાનું જોખમ લઈને પણ, તમે લગભગ એવું વિચારી શકો છો કે તેઓ જાણે છે કે તેમનું મૂલ્યાંકન થવાનું છે," ફ્રેડ્રિક્સને કહ્યું. "જો તેઓ જાણે છે કે તેમણે છેતરપિંડી કરી છે - શોર્ટકટ લીધા છે, જે રીતે કરવાનું હતું તે રીતે ખરેખર નથી કર્યું - અને તેઓ જાણે છે કે તેના પર તેમનું મૂલ્યાંકન થવાનું છે, અને તેમનો ઉદ્દેશ્ય સારો સ્કોર મેળવવાનો છે, તો પછી આ વર્તન તાર્કિક લાગે છે, ખરું ને?" OpenAI એ જણાવ્યું કે આ છ અહેવાલો વિતેલા મહિનાઓમાં ટ્રેનિંગ અથવા મૂલ્યાંકન દરમિયાન સામે આવ્યા હતા. બુધવારના આ નવા કિસ્સાઓ OpenAI ના જુલાઈ મહિનાના એ ખુલાસા પછી આવ્યા છે જેમાં તેના એક અનિયંત્રિત AI સિસ્ટમે AI સ્ટાર્ટઅપ Hugging Face ને હેક કર્યું હતું. Anthropic એ પણ તે જ મહિને કહ્યું હતું કે તેના AI મોડેલ્સે ટેસ્ટિંગ દરમિયાન ત્રણ સંસ્થાઓને હેક કરી હતી.

AI મોડેલોએ કયા...

પરંતુ ઓનલાઇન સ્ત્રોતનો સંદર્ભ આપવા માટે, તેણે યુઝરને પૂછ્યા વગર જ પબ્લિક ઇન્ટરનેટ પર એક ફાઇલ અપલોડ કરી દીધી હતી. 5.6-Sol નામના AI મોડેલના ટ્રેનિંગ દરમિયાન, મોડેલે પોતાને ખૂટતો ડેટા જાતે બનાવવાનો નિર્દેશ આપ્યો હતો, અને એક એજન્ટે અસંગત માહિતી છુપાવવા માટે પોતાને યાદ અપાવતો સંદેશ લખ્યો હતો. આ પ્રકારનું કપટપૂર્ણ વર્તન AI માનવ નિયંત્રણમાંથી બહાર નીકળી જવા અંગેની તાજેતરની ચિંતાઓમાં વધારો કરે છે. પરંતુ કાર્નેગી મેલન યુનિવર્સિટીના એસોસિએટ પ્રોફેસર અને ગ્રે સ્વાન AI ના સીઈઓ મેટ ફ્રેડ્રિક્સનના જણાવ્યા અનુસાર કેટલાક AI સંશોધકો માટે આ પરિણામ આશ્ચર્યજનક નથી.

આઇફોનના નવા મોડેલ...

લાઇનો જોવા મળી હતી. તો બીજી બાજુ કેટલાક ઇન્ટરનેટ યુઝરોએ આ લાંબી લાઇનોની ઠેકડી ઉડાવી હતી અને કહ્યું હતું કે બ્લિંકઇટ તમને આ આઇફોન્સના નવા મોડેલ માત્ર ૧૨ મીનિટમાં પહોંચાડી દે છે અને આ લોકો એપલ સ્ટોર્સ પર રાતથી જઇને ગોઠવાઇ ગયા છે! જો કે કેટલાક યુઝરોએ જવાબમાં લખ્યું હતું કે આ ફોન્સનો ઓનલાઇન સ્ટોક ખલાસ થઇ ગયો છે. દરમ્યાન કેટલાક સ્ત્રોતો સ્ટોર પિક-અપ અને એનાલિસ્ટ્સના ટ્રેકિંગ પરથી જણાવે છે કે એપલે iPhone 18 લાઇન-અપના વેચાણમાં 20-30 ટકાનો વધારો નોંધાવ્યો છે. પ્રારંભિક અંદાજો દર્શાવે છે કે iPhone 17 Pro અને Pro Max ની સરખામણીમાં iPhone 18 Pro અને Pro Max નું વેચાણ આ વર્ષે પહેલા દિવસે 20-30 ટકા વધુ છે.

સુપ્રીમ કોર્ટના...

આખી સિસ્ટમનું કાયમી હોવું જ મુખ્ય ચાવી છે." ત્યાં એક કાયમી સેટઅપ, કાયમી સ્ટાફ અને કાયમી વિભાગો હોવા જોઈએ. ડેપ્યુટેશન બહુ ઓછું હોવું જોઈએ. ત્યારે જ એક કાયમી માળખું તૈયાર થશે, એમ બેંચે ઉમેર્યું.

બેંચે કાર્મિક અને પ્રશિક્ષણ વિભાગ(DoPT)ના જોઈન્ટ સેક્રેટરી, જે નિલેકણી પેનલને મદદ કરી રહ્યા છે, તેમને અત્યાર સુધી લેવાયેલા પગલાં અંગે કોર્ટમાં સોગંદનામું દાખલ કરવા નિર્દેશ આપ્યો હતો. તેણે મહેતાને કહ્યું કે આ મામલે સૌથી મહત્વની બાબત એ છે કે સરકારે નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ યોજવાની આખી પ્રક્રિયાના સંસ્થાકીયકરણ પર ધ્યાન આપવું જોઈએ. શિક્ષણ વિભાગે જણાવ્યું છે કે એક નવી, અપગ્રેડ કરાયેલી સિસ્ટમ બનાવવામાં આવી છે. સર્વોચ્ચ અદાલત ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન(FAIMA) વતી એડવોકેટ તન્વી દુબે દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી સહિતની વિવિધ અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. પેપર લીકના આરોપો બાદ NTA એ ૩ મેના રોજ યોજાયેલી NEET-UG ૨૦૨૬ની પરીક્ષા ૧૨ મેના રોજ રદ કરી હતી. આ મામલાની તપાસ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન(CBI) દ્વારા કરવામાં આવી રહી છે.

નિઠારી કાંડના સુરેન્દ્ર...

આપઘાત કરી લીધી હોવાનું પોલીસે જણાવ્યું છે. શુક્રવારે સવારે સપ્તર્ષિ પોલીસ ચોકીને માહિતી મળી હતી કે સપ્ત સરોવર રોડ પર આવેલી એક ભાડાની ચાની દુકાનમાં એક વ્યક્તિ મૃત હાલતમાં મળી આવી છે, જેની ઓળખ અલ્મોડાના મંગરૂખાલ નિવાસી સુરેન્દ્ર કોલી તરીકે થઈ હતી. સ્થાનિક પોલીસે સ્થળ પર પહોંચી પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. વર્ષ 2006માં નોઈડાના સેક્ટર 31માં પંઢેરના બંગલાના પાછલા ભાગેથી અને ગટરોમાંથી બાળકો તથા મહિલાઓના કંકાલ, ખોપડીઓ અને હાડકાં મળી આવ્યા બાદ નિઠારી કેસ સામે આવ્યો હતો. આ ભયાનક ઘટનાએ સમગ્ર દેશમાં ભારે આક્રોશ અને દહેશત ફેલાવી દીધી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે 2025માં છેલ્લી ક્યુરેટિવ પિટિશન સ્વીકારીને કોલીને નિર્દોષ જાહેર કર્યો હતો.

ઉદ્યોગપતિ પંઢેર પણ આ કેસમાં સહઆરોપી હતો અને તેને 20 ઓક્ટોબર, 2023માં નિર્દોષ છોડી દેવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું હતું કે માત્ર આશંકા કે અનુમાનના આધારે ગુનાહિત કાયદામાં દોષિત ઠેરવી શકાય નહીં. કાયદાકીય પુરાવાના અભાવે કોલીને તમામ કેસોમાંથી મુક્તિ મળી હતી. જેલમાંથી છૂટ્યા બાદ તે હરિદ્વારમાં નામ બદલીને ચાની દુકાન ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતો હતો.

પીડિતાના પિતાએ આને...

આ કેસમાં કોઈ મહત્વની માહિતી જણાવવાનો હતો એટલે તેની હત્યા કરાઈ હોય. ઝબ્બુ લાલની 15 વર્ષની પુત્રી 2005ની ગરમીઓમાં ગુમ થઈ હતી અને 2006માં તેનો કંકાલ મળી આવ્યો હતો. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે કોલી મુખ્ય ગુનેગાર ન હતો પરંતુ ઉદ્યોગપતિ પંઢેર જ મુખ્ય ગુનેગાર હતો અને તેને ફાંસી આપવી જોઈએ. ઝબ્બુ લાલ અને તેમનાં પત્ની સુનીતા છેલ્લા બે દાયકાથી તેમની પુત્રી માટે ન્યાય મેળવવા લડી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, 'જો સરકાર અમને મદદ કરશે તો જ અમે ભવિષ્યમાં અમારી લડાઈ ચાલુ રાખી શકીશું.'

નંદીગ્રામ પેટાચૂંટણીમાં...

હતું, જેમની બાદમાં મોડી સાંજે બે દાયકા જૂના એક કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. ચૂંટણી પંચે તૃણમૂલ કોંગ્રેસ(TMC)ના પરંપરાગત નામ અને "ફૂલ અને ઘાસ" પ્રતીકને સ્થગિત કર્યા પછી બંને પ્રતિસ્પર્ધી જૂથોને નવા નામ અને પ્રતીકો ફાળવ્યા તે જ દિવસે આ ઝડપી ઘટનાક્રમ આકાર પામ્યો હતો. શિક્ષક ભરતી કૌભાંડને કારણે થોડા સમય માટે નોકરી ગુમાવનાર પ્રધાન ડે, ઉમેદવારી પાછી ખેંચવાની સમયસીમાના એક દિવસ પહેલાં તેમના પતિ સત્યજીત સાથે રાજ્યના સચિવાલય 'નબન્ના' ખાતે સુવેન્દુ અધિકારીને મળ્યા હતા અને ત્યારબાદ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. તેમના આ નિર્ણય પાછળના કારણો તાત્કાલિક સ્પષ્ટ થઈ શક્યા નહોતા. તેમના દ્વારા ઉમેદવારી પાછી ખેંચાતા મમતા કેમ્પ પાસે નંદીગ્રામમાં કોઈ ઉમેદવાર રહ્યો નથી. જો કે આ જૂથને પેટાચૂંટણી માટે 'મમતા ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' નામ અને 'ફૂટબોલ ખેલાડી' પ્રતીક ફાળવવામાં આવ્યું હતું. જ્યારે સામેના પ્રતિસ્પર્ધી જૂથને 'ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસ' અને 'કવર' પ્રતીક ફાળવવામાં આવ્યું હતું.

મમતા પાસેથી...

પ્રતીક ફાળવવામાં આવ્યું છે. જ્યારે અરૂપ રોયના નેતૃત્વ હેઠળના જૂથને 'ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસ' નામ અને 'પરબિડીયું' (એનવલપ) ચૂંટણી ચિહ્ન મળ્યું છે. ચૂંટણી પંચે જણાવ્યું કે ચૂંટણી પ્રતિક આદેશ, 1968ની કલમ 15 હેઠળની સુનાવણી પૂર્ણ કરવા માટે પૂરતો સમય ન હોવાથી, પેટાચૂંટણીની તાકીદને ધ્યાનમાં રાખીને આ વચગાળાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થા વિવાદનો આખરી ઉકેલ ન આવે ત્યાં સુધી લાગુ રહેશે. અગાઉના વચગાળાના આદેશમાં ચૂંટણી પંચે બંને પક્ષોને પક્ષનું મૂળ નામ 'ઓલ ઇન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' અને તેનું પ્રખ્યાત 'જોડા ઘાસ ફૂલ'(ઘાસ પર બે ફૂલ) ચિહ્ન વાપરવા પર રોક લગાવી હતી. પશ્ચિમ બંગાળની પૂર્વ મેદિનીપુર જિલ્લાની નંદીગ્રામ અને મુર્શિદાબાદ જિલ્લાની રેજીનગર બેઠક પર 6 ઓક્ટોબરે મતદાન અને 9 ઓક્ટોબરે મતગણતરી થશે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે આ વચગાળાની વ્યવસ્થા માત્ર આ પેટાચૂંટણી પૂરતી જ સીમિત રહેશે. મે મહિનામાં વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ તૃણમૂલ કોંગ્રેસમાં બળવો થયો હતો. જૂન મહિનામાં 58 બળવાખોર વિધાયકોએ રીતવ્રત બેનર્જીને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે ચૂંટ્યા હતા, જે 28 વર્ષના ઇતિહાસમાં પક્ષનું પ્રથમ વિભાજન હતું. બાદમાં 20 લોકસભા સાંસદો પણ અલગ થતાં મમતા બેનર્જી માટે આ મોટો આંચકો માનવામાં આવે છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ નંદીગ્રામ બેઠક અને હુમાયૂન કબીરે રેજીનગર બેઠક ખાલી કરતાં આ પેટાચૂંટણી યોજાઈ રહી છે.

તૃણમૂલનું પ્રતિક સ્થગિત...

કે કોંગ્રેસ અને તેમની પાર્ટી કેન્દ્ર સરકાર સામે મળીને કામ કરવા તૈયાર છે. ગાંધી સાથેની પોતાની વાતચીત અંગે બેનર્જીએ કહ્યું, "અમે આમાં સાથે છીએ. અમે ઈચ્છીએ છીએ કે ભાજપ સત્તામાંથી દૂર થાય." પૂર્વ મુખ્યમંત્રીએ એ પણ જાહેરાત કરી હતી કે નંદીગ્રામથી તેમની ઉમેદવાર સંચિતા પ્રધાન ડેએ ઉમેદવારી પત્ર પાછું ખેંચી લીધા બાદ હવે તેમની પાર્ટી 6 ઓક્ટોબરે યોજાનારી નંદીગ્રામ પેટાચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારને ટેકો આપશે. રાહુલ ગાંધી, જેમણે પૂર્વ મુખ્યમંત્રીને કથિત રીતે કહ્યું હતું કે તેમની પાર્ટી જરૂરી તમામ મદદ પૂરી પાડવા તૈયાર છે, તેમણે બાદમાં ચૂંટણી પંચ પર પોતાની પાર્ટી તરફથી હુમલાનું નેતૃત્વ કર્યું હતું. મહારાષ્ટ્રની બે પાર્ટીઓના વિભાજનનો ઉલ્લેખ કરતા ગાંધીએ કહ્યું, "પહેલા શિવ સેના, પછી એનસીપી, અને હવે તૃણમૂલ કોંગ્રેસ. દરેક વખતે એક જ પેટર્ન–ભાજપ અને ચૂંટણી પંચ મળીને પાર્ટીમાં ભાગલા પાડે છે. ત્યારબાદ તેનું ચૂંટણી પ્રતીક છીનવી લેવામાં આવે છે. જ્યારે આખી પાર્ટી ચોરાઈ શકે છે, તો પછી કરોડો ભારતીયોના મત ચોરાઈ જાય તેમાં કોઈ નવાઈની વાત નથી."

પ્રવીણભાઈ જેવા ઉમદા માણસ જિંદગીમાં બહુ ઓછા જોયા છે

થયું અને તેઓને નજીકથી જોવા- સમજવાના પણ અનેક અવસરો પ્રાપ્ત થયા. રતન ટાટા જેવા સાથે પણ મીટિંગો થતી. તેમની સાલસતા એવી કે મીટિંગ પત્યા પછી મારા જેવા અધિકારીને પણ લિફ્ટ સુધી છોડવા આવે. આ બધા વચ્ચે પણ પ્રવીણભાઇને યાદ કરું તો થાય કે તેમનું વ્યકિતત્વ ઘણું વિલક્ષણ, અત્યંત લાગણીશીલ અને ભૂલી ન શકો એવું હતું. આ પ્રકારના માણસ આપણને મળે તો ભાગ્યને કારણે જ મળે! આથી વધારે શું કહું! તે અમારે હૈયે વસેલા છે ને રહેશે! એમના જેવા ઉમદા વ્યક્તિને તેમની 43 મી પુણ્યતિથિએ યાદ કરી અંજલિ આપતા ગદગદ થઈને ધન્યતા સાથે ગર્વ અનુભવું છું.

મક્કા અને મદીનાનો ઈતિહાસ લોહિયાળ સંઘર્ષોનો સાક્ષી રહ્યો છે

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■



યમનના હુથી જૂથ અંસાર અલ્લાહે બુધવારે સાઉદી અરેબિયાના એક ફાઇટર જેટને તોડી પાડવાનો દાવો કર્યો હતો. હુથી જૂથ અંસાર અલ્લાહના પ્રવક્તાએ બુધવારે સાઉદી અરેબિયાના દાવાને નકારી કાઢ્યો હતો કે હુથી બળવાખોરોએ મંગળવારે મુસ્લિમો માટે સૌથી પવિત્ર સ્થળ મક્કાને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે અમારા હુમલાઓ સાઉદી અરેબિયાની તેલ સુવિધાઓ અને લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવે છે. આ સ્થળોનો પવિત્ર સ્થળો સાથે કોઈ સંબંધ નથી. હુથી બળવાખોરોના રાજકીય બ્યુરોના સભ્ય હિઝામ અલ-અસદે પણ ગઠબંધનના દાવાને ફગાવી દીધો હતો અને સાઉદી અરેબિયાના દાવાને જૂઠાણું ગણાવ્યું હતું.

મક્કા એ અરબસ્તાનનું મધ્ય શહેર અને ઇસ્લામિક વિશ્વનું ધાર્મિક અને આધ્યાત્મિક કેન્દ્ર છે. પ્રખ્યાત ડચ પ્રાચ્યશાસ્ત્રી દોઝીએ લખ્યું છે કે મક્કાનો ઇતિહાસ હઝરત દાઉદના સમયથી શરૂ થાય છે. મક્કાનો ઉલ્લેખ તોરાહ (યહૂદીઓના પવિત્ર પુસ્તક) અને બાઇબલમાં પણ છે. જ્યારે હઝરત ઇબ્રાહિમ (અબ્રાહમ) ઇજિપ્તથી પેલેસ્ટાઇન આવ્યા, ત્યારે તેમને મક્કા તરફ જવાનો આદેશ મળ્યો હતો અને તેઓ તેમની પત્ની હઝરત હાજરા અને પુત્ર હઝરત ઇસ્માઇલ સાથે મક્કા આવ્યા હતા. એવું કહેવાય છે કે તેમણે મક્કામાં કાબાનો પાયો નાખ્યો હતો. કાબા એક પ્રાચીન ઇમારતના પાયા પર બાંધવામાં આવ્યું હતું, જે પૃથ્વી પર બનેલી પ્રથમ ઇમારતોમાંની એક માનવામાં આવે છે. હઝરત ઇબ્રાહિમે એ જ ઇમારતના પાયા પર કાબાનું પુનર્નિર્માણ કર્યું હતું.

પયગંબર મુહમ્મદના જન્મ પહેલાં જ મક્કા વેપારનું એક મુખ્ય કેન્દ્ર બની ગયું હતું. કેમ્બ્રિજના ઇસ્લામિક ઇતિહાસ મુજબ, જ્યારે પર્શિયન અને રોમન સામ્રાજ્યો લાંબા યુદ્ધોથી નબળા પડી ગયા હતા, ત્યારે મક્કા વધુ મજબૂત બની રહ્યું હતું. કુરૈશ જાતિના વેપારી કાફલાઓ યમનથી સીરિયા જતા વિવિધ દેશોમાંથી પ્રખ્યાત વસ્તુઓ લાવતા હતા અને મક્કામાં વેચતા હતા. મક્કામાં દર વર્ષે એક મોટો મેળો ભરાતો હતો, જ્યાં આવશ્યક ચીજવસ્તુઓ ઉપરાંત ગુલામોનો પણ વેપાર થતો હતો. મક્કાનું મહત્ત્વ દર વર્ષે ત્યારે પ્રગટ થતું હતું, જ્યારે લોકો પવિત્ર ગણાતા મહિનાઓ દરમિયાન અહીં આવતા હતા. મક્કાના લોકો તેમના આતિથ્ય માટે પ્રખ્યાત હતા.

પયગંબર મુહમ્મદનો જન્મ ઈ.સ. ૫૭૦ની આસપાસ મક્કામાં થયો હતો. તેમના જન્મ સમયે મક્કામાં ૩૬૦ મંદિરો હતાં, જેમાં મૂર્તિપૂજા ચાલતી હતી. સનાતન ધર્મના લોકો આજે પણ માને છે કે કાબાનો પવિત્ર પથ્થર હકીકતમાં શિવલિંગ તરીકે પૂજાતો હતો. મક્કાવાસીઓના વિરોધને કારણે પયગંબર મુહમ્મદને મક્કા છોડીને મદીના જવાની ફરજ પડી હતી. આ યાત્રાને હિજરા તરીકે ઓળખવામાં આવે છે. તે ઇસ્લામિક હિજરી કેલેન્ડરની શરૂઆત દર્શાવે છે. ઈ.સ. ૬૩૦માં પયગંબર મુહમ્મદે એક વિશાળ સૈન્ય સાથે મક્કા પર વિજય મેળવ્યો હતો. તેમણે કાબામાં પૂજાતી મૂર્તિઓનો નાશ કર્યો અને તેને ઇસ્લામમાં સૌથી પવિત્ર પૂજા સ્થળ જાહેર કર્યું. ઈ.સ. ૧૦મી સદીથી ૧૯૨૪ સુધી આ પવિત્ર શહેર ઓટ્ટોમન સામ્રાજ્ય હેઠળ હતું. તેના પર સ્થાનિક હાશેમી શરીફ શાસન કરતા હતા. પ્રથમ વિશ્વયુદ્ધ પછી થોડા સમય માટે મક્કા અને મદીના પ્રદેશો સ્વતંત્ર હાશેમી હિજાઝ રાજ્યનો ભાગ હતા. ૧૯૨૪માં આ શહેરો અબ્દુલ અઝીઝ ઇબ્ને સઉદના નિયંત્રણ હેઠળ આવ્યાં અને ત્યારથી તે આધુનિક સાઉદી અરેબિયા રાજ્યનો ભાગ રહ્યાં છે. સાઉદના ઉદય દરમિયાન અંગ્રેજોએ તેમને ટેકો આપ્યો અને વહાબી મૌલવીઓએ તેમને ધાર્મિક માન્યતા આપી. સાઉદી અરેબિયાના વર્તમાન રાજ્યનો જન્મ ૧૯૩૨માં થયો હતો. જોકે, મક્કા અને મદીના ૧૯૨૪-૨૫માં જ સાઉદ ઘરાનાના નિયંત્રણ હેઠળ આવ્યાં હતાં. સાઉદી અરેબિયાના વર્તમાન રાજા સલમાન બિન અબ્દુલઅઝીઝ અલ સઉદ બે પવિત્ર મસ્જિદોના રક્ષકનું બિરુદ ધરાવે છે. તેમના પુત્ર મોહમ્મદ બિન સલમાન દેશના ક્રાઉન પ્રિન્સ અને વડા પ્રધાન છે. સાઉદી પરિવાર દ્વારા મક્કા અને મદીનાના રક્ષણ સામેના વાંધામાં ઈરાન એક અગ્રણી પરિબળ રહ્યું છે. ઈરાનનો મુખ્ય ધર્મ શિયા છે, જ્યારે સાઉદી સુન્ની ધર્મ પાળે છે, પણ મક્કા અને મદીનામાં બંને દેશો સમાન આસ્થા ધરાવે છે. બંને દેશોમાં પહેલાથી જ સંઘર્ષો હતા, પરંતુ ઈરાનમાં ૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિ પછી સાઉદી અરેબિયા પ્રત્યે ઈરાનની દુશ્મનાવટ વધી ગઈ છે. મક્કા અને મદીના પર સાઉદી નિયંત્રણ અંગે સતત અવિશ્વાસ અને મતભેદ રહ્યો છે. દાયકાઓથી ઈરાને સાઉદી અરેબિયા પર હજનો ગેરવહીવટ કરવાનો આરોપ લગાવ્યો છે.

૧૯૭૯નું વર્ષ સાઉદી અરેબિયામાં એક દુઃસ્વપ્ન તરીકે યાદ કરવામાં આવે છે. આ વર્ષે, ઇસ્લામના સૌથી પવિત્ર સ્થળોમાંની એક મક્કાની ગ્રાન્ડ મસ્જિદ પર હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે લગભગ બે અઠવાડિયા સુધી ભારે રક્તપાત થયો હતો. આ ઘટનામાં જુહૈમાન અલ-ઉતૈબીના નેતૃત્વમાં સશસ્ત્ર બળવાખોરોએ મક્કાની મસ્જિદ પર કબજો કર્યો હતો. હુમલાખોરોએ દાવો કર્યો હતો કે સાઉદી રાજવી પરિવાર અને સમાજ ઇસ્લામથી દૂર થઈ રહ્યા છે. તેઓ સાચા ઇસ્લામને પાછો લાવવા માટે આ બધું કરી રહ્યા હતા. આ સમગ્ર ઘટના દરમિયાન ફ્રાન્સ દ્વારા સાઉદી અરેબિયાના સુરક્ષા દળોને આપવામાં આવેલી સહાયે પણ વૈશ્વિક ધ્યાન ખેંચ્યું હતું. આ ઘટના ૨૦ નવેમ્બર, ૧૯૭૯ના રોજ સવારે મક્કામાં બની હતી, જ્યારે લગભગ ૫૦,૦૦૦ લોકો ફજરની નમાઝ માટે મસ્જિદ સંકુલમાં એકઠા થયા હતા. અલ-ઉતૈબી અને તેના ૨૦૦ અનુયાયીઓ શબપેટીઓ સાથે સજ્જ થઈને નમાઝ પઢનારાઓ સાથે મસ્જિદમાં પ્રવેશ્યા. નમાઝ પૂરી થતાંની સાથે જ તેમણે હથિયારો લહેરાવીને ભીડ પર કાબૂ મેળવ્યો અને મસ્જિદના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. કેટલાક સશસ્ત્ર હુમલાખોરો મિનારાઓ પર ચઢી ગયા અને તેમણે આખી ગ્રાન્ડ મસ્જિદ પર કબજો કરી લીધો હતો.

મક્કા મસ્જિદ પરના હુમલા પછી સાઉદી સરકાર શરૂઆતમાં તેની ગંભીરતા સમજી શકી નહીં, પરંતુ જ્યારે પોલીસ વાહનો મસ્જિદ પાસે પહોંચ્યા, ત્યારે ભારે ગોળીબાર શરૂ થયો હતો. ત્યારબાદ નેશનલ ગાર્ડે મસ્જિદને ઘેરી લીધી. પેરાટ્રૂપર્સ અને સશસ્ત્ર એકમોને પણ બોલાવવામાં આવ્યા હતા, પરંતુ મસ્જિદની મોટી ઇમારત તેમના માટે પડકાર ઊભો કરી રહી હતી. સાઉદી દળોએ બે દિવસ સુધી અનેક હુમલાઓ કર્યા, પરંતુ બળવાખોરોએ તેમને ગણકાર્યા નહોતા. પરિસ્થિતિ ખરાબ થતી જોઈને સાઉદી સેનાએ ટેન્કવિરોધી મિસાઇલો અને ભારે તોપખાનાં બોલાવ્યાં હતાં. મક્કા શહેરને પણ મસ્જિદની આસપાસથી ખાલી કરાવવામાં આવ્યું.

આ લડાઈમાં સાઉદી સરકારને બહારની મદદની જરૂર હતી અને તેમને તે ફ્રાન્સ પાસેથી મળી હતી. સાઉદી સરકારે ફ્રેન્ચ રાષ્ટ્રપતિ વેલેરી ગિસ્કાર્ડ ડી'એસ્ટાઇંગ પાસેથી મદદ માંગી હતી. સાઉદી દળો આ કામગીરી માટે તાલીમ પામેલા નહોતા. ફ્રાન્સે કમાન્ડોની એક ટીમ મક્કા મોકલી હતી. ઇસ્લામના જન્મસ્થળમાં પશ્ચિમી દખલગીરી સામે કોઈપણ અનિચ્છનીય પ્રતિક્રિયા ટાળવા માટે આ કામગીરી ગુપ્ત રાખવામાં આવી હતી. ફ્રેન્ચ ટીમે સાઉદી અરેબિયામાં તૈફ શહેરની એક હોટલમાં પોતાનું મુખ્ય મથક સ્થાપ્યું હતું. તેમની યોજનાના ભાગરૂપે તેઓએ મસ્જિદના ભોંયરામાં ગેસ ભરવાની યોજના બનાવી હતી. દર ૫૦ મીટરના અંતરે છિદ્રો ખોદવામાં આવ્યાં હતાં. આ છિદ્રોમાંથી ગેસ રેડવામાં આવ્યો હતો અને ગેસને સળગાવવા માટે ગ્રેનેડ વિસ્ફોટ કરવામાં આવ્યા હતા. આનાથી મસ્જિદની અંદર ભયાનક પરિસ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે બળવાખોરો નબળા પડી ગયા હતા અને એક ખૂણામાં છુપાઈ ગયા હતા. છેલ્લા દિવસોમાં બળવાખોરો પાસે દારૂગોળો અને ખોરાક ખતમ થઈ ગયો હતો. બહારથી ધુમાડાના ગોળા છોડવામાં આવ્યા હતા, જેના કારણે મસ્જિદની અંદર પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હતી. આ કટોકટી ૨૦ નવેમ્બરથી ૪ ડિસેમ્બર, ૧૯૭૯ સુધી ચાલી હતી. સાઉદી અરેબિયાએ હુમલાખોરોના નેતા જુહૈમાન અલ-ઉતૈબી સહિત ૬૩ લોકોને ફાંસી આપી હતી. બાકીનાને કેદ કરવામાં આવ્યા હતા. ફ્રેન્ચ ટીમે સાઉદી દળોને તાલીમ આપી હતી અને હુમલાની યોજના બનાવવામાં મદદ કરી હતી. તેઓ મસ્જિદમાં પ્રવેશ્યા ન હતા. મસ્જિદમાં પ્રવેશતા બિન-મુસ્લિમો સામેની પ્રતિક્રિયાના ડરને કારણે તેમણે આ સ્પષ્ટતા કરી હતી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

૧૯૭૯નું વર્ષ સાઉદી અરેબિયામાં એક દુઃસ્વપ્ન તરીકે યાદ કરવામાં આવે છે, આ વર્ષે ઇસ્લામના સૌથી પવિત્ર સ્થળ મક્કાની ગ્રાન્ડ મસ્જિદ પર હિંસક હુમલો કરવામાં આવ્યો હતો

GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED
Corporate Identity no: U40100GJ1999SGC036018 (An ISO 9001-2008 Certified Company)
CONSTRUCTION DIVISION OFFICE, NAVSARI
GETCO
Executive Engineer (Const.). Ground Floor. Construction Division Office, 220kV Sub-Station Campus, N.H. 48, Kabilpore, Navsari-396427
Telephone no. (02637) 236232/236274 | Fax no. (02637) 236104 | Email: eeconstnavsari.getco@gebmail.com

જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડના વિવિધ હયાત લાઇનોમાંથી/સબસ્ટેશનોમાંથી સુચિત સબસ્ટેશનોમાં જતી એકવડી/બેવડી વીજરેષાની ઓવરહેડ અને અથવા અંડરગ્રાઉડ પાવર કેબલ ની નીચે જણાવેલ લાઈનોમાં ટૂંક સમયમાં વીજપ્રવાહ વહેતો કરવામાં આવનાર છે. સદરહુ લાઈનો નીચે જણાવેલ ગામોની સીમતળ તથા આજુબાજુનાં વિસ્તારોમાંથી પસાર થાય છે.

ક્રમ.	લાઈનનું નામ અને વિગતો	ગામોનાં નામ
૧	ડીપોઝિટ યોજના હેઠળ હયાત ૧૩૨ કેવી એકવડી વીજરેષા નવસારી - અતુલ પરથી વારી એનર્જી સ્ટોરેજ સ્વીચિંગ સ્ટેશન (જેટકો) ખાતે અંદર જતી અને બહાર આવતી ૧૩૨ કેવીની એકવડી ઓવરહેડ વીજરેષા પ્રસ્થાપિત કરવાની કામગીરી જેની લંબાઇ ૦.૫૩ કિમી છે.	મોજે. ડુંગરી, પંચલાઇ અને સોનવાડા અને તેની આજુબાજુનો વિસ્તાર, તા. અને જિ . વલસાડ.
૨	ડીપોઝિટ યોજના હેઠળ ૧૩૨ કેવી વારી એનર્જી સ્ટોરેજ સ્વીચિંગ સ્ટેશન (જેટકો) થી મેસર્સ વારી એનર્જી સ્ટોરેજ રિસીવીંગ સ્ટેશન પ્રાઇવેટ લિમિટેડ સુધીની ૧૩૨ કેવીની એકવડી ૦.૧૮૫ કિમી લંબાઇ ની 1C ૮૦૦ ચો. મીમી (૩+૦) અંડરગ્રાઉંડ કેબલ વાળી વીજરેષા પ્રસ્થાપિત કરવાની કામગીરી.	મોજે. ડુંગરી, પંચલાઇ અને સોનવાડા અને તેની આજુબાજુનો વિસ્તાર, તા. અને જિ . વલસાડ.

આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત પૈકી અંડર ગ્રાઉન્ડ પાવર કેબલ ૧ C X (૩+૧) /(૩+૦)/(૬+૦)/(૬+૧) /૨X(૩+૧), ૬૩૦/૮૦૦ સ્કે.એમ.એમ. વાળી લાઈનો હાલનાં જમીનનાં લેવલથી ૧.૨૦-૨.૦૦ મીટર નીચેથી પસાર થાય છે, જમીન ઉપર આ માટે "૬૬/૧૩૨ કેવી કેબલ" ના સ્ટોન માર્કર પણ લગાડેલ છે. જેથી આ લગાડેલ માર્કરનાં રૂટ ઉપર તેની નીચે કોઈ પણ જાતનું ખોદકામ કરવુ નહી કારણકે તેથી ગંભીર દુર્ઘટના ઉભી થઈ શકે તેમ છે.
સદર લાઈનના રૂટ ઉપર કોઈ પણ પ્રકારનું કામ કરતા પહેલા અધિક્ષક ઈજનેરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડ, કબીલપોર, નવસારીની લેખિત પરવાનગી મેળવ્યા બાદ જ જેટકોનાં અધિકૃત સુપર વાઈઝરના જાત નિરીક્ષણ હેઠળ કામ કરવુ.
તેમજ ઉપરોક્ત ઓવરહેડ વિદ્યુત લાઈનના ટાવર/ગેન્ટ્રી સ્ટ્રક્ચરનાં કોઈ પણ ભાગને અડકવુ કે ઉપર ચઢવુ નહી તેમજ તેનાથી દૂર રહેવુ અને ટાવર/ગેન્ટ્રી સ્ટ્રક્ચર પર ચઢવાની અથવા કોઈ પણ પ્રકારે લાઈન પકડવાની કોશિષ કરવી નહી. તેમજ ટાવર કે સ્ટ્રક્ચરના તાણીયા સાથે ઢોર ઢાંખર બાંધવા નહી તેમજ લાઈનનાં કોરિડોરમાં મકાન/શેડ/કોઢાર વિગેરે બાંધકામ કરવા નહી. તેમાં જીંદગીનું જોખમ સમાયેલું છે. આથી કોઈ પણ ઈસમે સદરહુ લાઈનના કોઈ પણ ભાગ સાથે ચેંડા કરવા નહી. કોઈ પણ ઈસમ ઉપરોક્ત લાઈનના ટાવર સ્ટ્રક્ચર ઉપર ચઢશે કે તાર / કેબલને અડકશે અગર તેના ઉપર વાહક કે અવાહક વસ્તુ નાખશે કે કોઈ પણ રીતે નુકશાન પહોંચાડશે તો તેનાથી થતાં નુકશાન અથવા જાનહાનીની સંપૂર્ણ જવાબદારી જે તે ઈસમોનાં શિરે રહેશે.
આ જાહેરાતનું ઉલ્લંઘન કરવાથી કોઈ પણ પ્રકારની જાનહાનિ કે સંપતિને નુકશાન થશે તો તે અંગે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડની અથવા તેના કોઈ પણ કર્મચારીની જવાબદારી રહેશે નહી તેની ખાસ નોંધ જાહેર જનતાને લેવા વેનંતી છે.

કાર્યપાલક ઈજનેર (બાંધકામ),
જેટકો, નવસારી

TORRENT POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૨૧/૦૯/૨૦૨૬, સોમવાર : સન્ડે હબ (કતારગામ), સ્વામી નારાયણ ૩ (કરંજ)
- ૨૨/૦૯/૨૦૨૬, મંગળવાર: સુકન સ્કાય શ્રી (સિંગણપોર), નીલકંઠ ઈન્ડ. નં.૬ (વેડ રોડ)
- ૨૩/૦૯/૨૦૨૬, બુધવાર : હેની હાઇટ્સ (ડભોલી), પંચકુટીર (કતારગામ), સત્યનારાયણ ઈન્ડ. નં.૨
- ૨૪/૦૯/૨૦૨૬, ગુરુવાર : પાર્વતી નગર નં.૨ (કતારગામ), પાર્વતી નગર (કતારગામ), સ્વામી ઈન્ડ. નં.૪ (યુ. એમ રોડ)
- ૨૬/૦૯/૨૦૨૬, શનિવાર : એચ સ્ટેશન (કાદરશા નાળ)

અસુવિધા બદલ દિલગીર છીએ

Door step services are available for senior & Differently Abled citizens
Request to call on 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
or mail to connect.srt@torrentpower.com
WhatsApp 8141970070

RAJHANS
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત

એક્શન, કોમેડી, મિત્રતા (હિન્દી)
વાઈબ ૧૧.૦૦, ૧૨.૪૫, ૨.૦૦, ૫.૩૦, રાત્રેઃ ૧૦.૧૫
મિરઝાપુર (ધ મુવી) ૧૧.૩૦, ૩.૧૫, રાત્રેઃ ૧૦.૦૦
હનુમાન અંશ ૪.૪૫, રાત્રેઃ ૯.૪૫
ચટણી ગુજરાતીઃ ૭.૦૦
ફીરકી ગુજરાતીઃ ૭.૩૦
RESIDENT EVIL (હિન્દી) ૧૦.૪૫, ૩.૩૦, રાત્રેઃ ૮.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
૬ઠ્ઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ
★ કપલ બેડ
★ વીઆઈપી રીકલાઈનર
: 99984 46007
: @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com paytm

ગુજરાતી-કોમેડી ડ્રામા
ચટણી
મલ્હાર ઠાકર, પૂજા જોષી
૯.૧૦, ૧૨.૦૫, ૩.૦૦, ૬.૧૦, રાત્રેઃ ૮.૨૫, ૧૦.૩૫

ગુજરાતી-કોમેડી ડ્રામા
ફિરકી
જોનીલીવર, વત્સલ શેઠ
૯.૧૦, ૧૨.૨૫, ૪.૪૦, ૬.૦૦, રાત્રેઃ ૮.૧૦

(હિન્દી) એક્શન ડ્રામા
વાઈબ
કૃણાલખેમુ, પ્રિતી ઝીન્ટા
૯.૦૫, ૧૦.૩૦, ૧૧.૨૦, ૨.૦૦, ૩.૦૦, ૬.૫૦, રાત્રેઃ ૮.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦

મિરઝાપુર ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૨.૩૦, ૪.૩૦, રાત્રેઃ ૧૦.૨૦, ૧૧.૨૦
હનુમાન અંશ ૯.૧૫, ૨.૩૦, ૫.૧૦, ૭.૫૦ રાત્રેઃ ૯.૪૫
RESIDENT EVIL (હિન્દી) ૯.૧૦, ૧.૧૦, ૨.૩૦, ૪.૨૦, રાત્રેઃ ૮.૧૫, ૯.૧૦
દાયરા ૧૨.૦૦, ૨.૧૦, ૫.૪૫, ૭.૧૫, રાત્રેઃ ૧૦.૩૦
અસંભઉઉઉ ગુજરાતીઃ ૪.૪૦
પીધા પછી ગુજરાતીઃ ૧૧.૪૦, ૬.૦૦
હૈવાન ૧.૩૦

પશ્ચિમ રેલવે
સ્ટાફ ક્વાર્ટર્સનું સમારકામ
ડિવીઝન રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, છઠો માળ, એન્જિનીયરીંગ ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008, ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર નોટિસ નંબરઃ BCT/26-27/145, તારીખઃ 15-9-2026. કાર્ય અને સ્થળઃ ખારથી વિરાર, ક્વાર્ટર્સ ખાલી થવા અને કબજો બદલાયો હોવાના સંબંધમાં સ્ટાફ ક્વાર્ટર્સનું સમારકામ. કાર્યનો અંદાજિત ખર્ચઃ રૂ. 2,28,40,563.89. ઈએમડીઃ રૂ. 4,56,800/-. જમા કરાવવાની તારીખ અને સમયઃ 9-10-2026 બપોરે 3.00 વાગ્યા સુધી. ખુલવાની તારીખ અને સમયઃ 9-10-2026 બપોરે 3.30 વાગ્યા સુધી. વધુ વિગત માટે અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લેવી. 0608
અમને લાઇક કરોઃ X.com/WesternRly



સુપરહીટ (હિન્દી) ફિલ્મ
હનુમાન અંશ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
સિહાંસન માટેની તીવ્ર લડાઈ
મિરઝાપુર (ધ મુવી)
પંકજ ત્રિપાઠી, કાલીન ભૈયા
૧૨.૧૫, ૩.૪૫, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન
એન્જીનિયરીંગ કામોના સંબંધમાં
વિવિધ સિગ્નલિંગ કામ
ટેન્ડર નોટીસ નં. S&T/BRC/26-27/24/SIG
તા. 16-09-2026
ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત સિની. ડીએસટીઈ/વડોદરા ટેન્ડર નં. SandT_BRC_26-27_24_SIG સામે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડર્સ બિડ બંધ થવાની તારીખ અને સમય સુધી તેમની અસલ/સુધારેલી બિડ જમા કરાવવા સમર્થ રહેશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર્સ માન્ય ગણાશે નહીં અને આવી કોઈપણ પ્રાપ્ત થયેલ મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (૧) કામનું નામ તેના સ્થળ સહિતઃ કીમ - યાત્રીઓના ઈન્ટર પ્લેટફોર્મ સ્થાનાંતર માટે સબ-વેની જોગવાઈ. (૨) અંકલેશ્વર અને મીયાગામ - હાઈ લેવલ PF ના વિસ્તરણ. (૩) સુરત-વડોદરા સેક્શન :- કમાન પુલ નં. ૫૦૦ A અને ૫૬૦ ના પુનઃબાંધકામના એન્જિનિયરીંગ કામના સંબંધમાં આપૂર્તિ, સંસ્થાપન, પરીક્ષણ અને અન્ય સિગ્નલિંગ કામ. (૨) કામની અંદાજીત પડતરઃ ₹ ૧,૫૫,૨૨,૮૬૩.૩૫ (૩) જમા કરાવવાની અર્નેસ્ટ મનીઃ ₹ ૩,૧૦,૫૦૦.૦૦ (૪) ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તા.૦૮-૧૦-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે અને તા.૦૮-૧૦-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. (૫) વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરેઃ http://www.ireps.gov.in સિનીયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયર, બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડીઆરએમ ઓફીસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪. BRC-239
અમને ફોલો કરોઃ X DRMBRCWR ● drm_vadodara